**EXE R No.19/2025**

## -: <u>આંક-૧ લગત હુકમ</u> :-

**૧.** સદર દરખાસ્ત અરજદાર દ્વારા તા.૨૨/૦૮/૨૦૨૫ ના રોજ દાખલ કરવામાં આવેલ છે. સદર કામના સામાવાળાને નોટિસ કરતા સામાવાળા નં.૨ ની નોટિસ તેઓ અવસાન પામેલા છે, તેવા બેલિફના શેરા સાથે તા.૧૬/૦૩/૨૦૨૬ ના રોજ પરત આવેલ. જે નોટિસ હાલના કામે આંક-૧૨ થી રજૂ છે અને મરણના દાખલાની નકલ સામેલ રાખેલ છે. સદર દરખાસ્ત તા.૧૭/૦૪/૨૦૨૬ થી અરજદાર દ્વારા પ્રતિવાદી નં.૨ ના વારસો રજૂ કરવાના તબક્કે ચાલી આવેલ. આમ, દરખાસ્તદારને પુરતી તક આપવા છતા તેઓએ પ્રતિવાદી નં.૨ ના વારોસ જાડેલ નથી કે, તે અંગે કોઇ યોગ્ય રજૂઆત પણ કરેલ નથી.

**૨.** સદર દરખાસ્ત આજ રોજ તા.૨૫/૦૬/૨૦૨૬ ના રોજ મુકરર કરેલ હોય, આજ રોજ અરજદાર અને તેમના વકીલશ્રીને પોકાર કરતા વિદ્વાન વકીલશ્રી કે, અરજદાર હાજર રહેલ નથી કે, તેઓ દ્વારા દરખાસ્ત આગળ ચલાવવા માટે કોઈ કાર્યવાહી કરવામાં આવલ નથી કે, તે અંગે કોઈ રિપોર્ટ કે, રજૂઆત કરેલ નથી. આમ, સદર દરખાસ્તનું રેકર્ડ જોતા સદર દરખાસ્તા આગળ ચલાવવા દરખાસ્તદારને રસ જણાય આવતો ન હોય, તેવા સંજોગોમાં અને રેકર્ડ ઉપર આવેલ હકિકતને આધારે સદર દરખાસ્તને ***"ડિસ્મિસ ફોર ડિફોલ્ટ"*** કરવામાં આવે છે.

આ હુકમ આજ રોજ તા.૨૫ મી, માહે જૂન સને ૨૦૨૬ ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી જાહેર કર્યો.

(શાલિની એસ.બારઠ)
સીવીલ જજ,
ઉમરેઠ.
Code No.-GJ01573.

તા. ૨૫/૦૬/૨૦૨૬

S.B.Zala.-Guj-Steno